નગરમાં સ્વચ્છતાની કામગીરીને પ્રાથમિકતા આપીશ : પાડલિયા

નવનિયુક્ત મનપા કમિશનર લલિત પાડલિયાએ ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર, તા. ૪

સ્વચ્છતાની કામગીરીને પ્રથમ પ્રાથમિકતા આપવાનો સંકેત આજે નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી લલિતભાઈ પાડલિયાએ આપ્યો છે.

પોતાના નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યા બાદ તેમણે જણાવ્યું હતું કે પ્રશ્નો જરૂર છે. નવુ રચાયેલું કોર્પોરેશન હોવાથી તે પ્રશ્નો હોય એ સ્વાભાવિક છે.

તેમણે જણાવ્યુ હતુ કે પ્રોપર્ટી ટેક્ષના બિલોને લઈ ઉભા થયેલા પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે પણ તંત્ર જરૂરી તમામ કામગીરી કરશે. જરૂર પડ્યે આ માટે જનસેવા કેન્દ્ર ખાતે હેલ્પડેસ્ક જેવી વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે.

શ્રી પાડલિયાએ જણાવ્યું હતું કે સ્ટાફ પેટર્ન મંજૂર થઈ ગઈ છે હવે તે અંગેની કામગીરી પણ હાથ ધરવાની બાબતને પ્રાથમિકતા આપવામાં આવશે. આ માટે વિભાગ સાથે પરામર્શમાં રહી અને સરકારની નીતિ અને ધોરણોને ધ્યાને રાખી આગળ વધવામાં આવશે.

શ્રી પાડલિયાએ જણાવ્યું હતું કે ચોમાસાની સિઝન છે એટલે સ્વચ્છતામાં થોડીક મુશ્કેલીઓ રહેશે આમ છતાં નગર સ્વચ્છ અને સુંદર અને રળિયામણું બને તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે.

શ્રી પાડલિયાએ આજે ચાર્જ સંભાળ્યા બાદ કોર્પોરેશનના અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી. તેમણે ચાર્જ સંભાળ્યો ત્યારે ઈન્ચાર્જ કમિશનર શ્રી મનોજ કોઠારી ઉપરાંત કોર્પોરેશનના સેક્રેટરી શ્રી પિનાકીન જોશી, ઈન્ચાર્જ આસિ. કમિ. શ્રી ચૌધરી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

જૂના સેકટરોમાં આગામી મહીનાથી પાણીનો કોમન સપ્લાય અપાશે

ડહોળા પાણીની સમસ્યાથી વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાત સામે ૧૦ એમ.એલ.ડી. પાણી ઓછું સપ્લાય કરે છે

ગાંધીનગર, તા.૪

શહેરના જૂના સેકટરોમાં પાણીનો કોમન સપ્લાય આપવાના મામલે વિલંબ થયો છે. ચરેડી ટાંકી અને પમ્પીંગ સ્ટેશનનું કામ પૂર્ણ થયા બાદ પણ સેકટરોમાં એક જ સમયે પાણી પૂરવઠો પૂરો પાડવાની યોજના ઘોંચમાં પડી છે. જો કે ડોળા પાણીની સમસ્યા વચ્ચે તંત્રને પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ થતો ન હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે ટર્બિલીટીનો પ્રશ્ન હલ થતા આગામી મહીનામાં કોમન સપ્લાય શરુ કરી દેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

ચરેડીમાં પાણીની નવીન ટાંકી તેમજ પમ્પીંગ સ્ટેશનના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પમ્પીંગ સ્ટેશનને વીજ પાવર સપ્લાય કરવાના મામલે પણ ટોરેન્ટ પાવર કક્ષાએથી માંડ મંજુરી અપાતા તંત્રએ હાંશકારો અનુભવ્યો છે પરંતુ કરોડોના ખર્ચ પછી પણ નવીન ટાંકી અને પમ્પીંગ સ્ટેશનની કાર્યયોજનાનો હજુ હેતુ સર્યો નથી. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા તંત્રને હાલ દરરોજના ૨૭ એમ.એલ.ડી. પાણીની જરુરિયાત સામે ૧૭ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરવામાં આવે છે. નર્મદાની મુખ્ય કેનાલમાં પાણીની આવક થતા શહેરમાં ડહોળા પાણીની સમસ્યા છેલ્લા એક મહિનાથી જરુરી છે. આવા સંજોગોમાં પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પણ પર્યાપ્ત ન હોવાથી વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા પૂરતો પાણી પુરવઠો ન અપાતો હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. જેથી જૂના સેકટરમાં પાણીની જરુરિયાત સંતોષવા બોરનું પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. પરંતુ ટર્બિલીટીનો પ્રશ્ન ટૂંકમાં હલ થતા આગામી મહીનાથી સે-૧૪ થી ૩૦ માં પાણીનો કોમન સપ્લાય અપાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોના પડતર પ્રશ્નો ઉકેલવા ઉગ્ર રજૂઆત

નગરના કોંગી કાઉન્સીલરોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોના વણઉકલ્યા પ્રશ્નો અંગે આજે કોંગ્રેસના કાઉન્સીલરો જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપને મળી આવેદન-પત્ર આપશે.

ગ્રામ્ય વિસ્તારના ગામતળમાં વધારો કરવા, ગ્રામ્ય વિસ્તારના પાણી પુરવઠા માટે અલાયદી ઓવરહેડ ટેન્ક બનાવવા તેમજ આ ગામોમાં જે ગટરલાઈનનું કામ અધૂરૂ પડ્યુ છે તે તાકીદે પૂર્ણ કરવા સહિતના ૧૫ જેટલા પ્રશ્નોને લઈ આ આવેદનપત્ર આપવામાં આવનાર છે.

કોંગ્રેસના કાઉન્સીલરો શ્રી હસમુખભાઈ મકવાણા તથા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું છે કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને સતત અન્યાય થતો રહ્યો છે. આ ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ. પરિવારોને આજ સુધી તેમને મળવાપાત્ર લાભ પણ આ સરકારે આપ્યા નથી અને શહેરની બી.પી.એલ. પરિવારોની યાદી પણ બનાવવાની દરકાર સુદ્ધા કરી નથી.

● અનુસંધાન પાન-૭ પર

સે. ૨૮-૧ પ્રા.શાળાના આચાર્ય પ્રકાશ પટેલ શિક્ષણ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત છે

શાળાનો એકપણ વિદ્યાર્થી જો અગાઉથી જાણ કર્યા વિના ગેરહાજર હોય તો તેઓ તે બાળકના વાલીને ફોન કરી ગેરહાજરીનું કારણ જાણે છેઃ શિક્ષણની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓ પ્રત્યે અહીં પૂરતું ધ્યાન અપાય છે.

શિક્ષક દિને આચાર્ય પ્રકાશભાઈને વંદન અને અભિનંદન.....

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની પ્રાથમિક શાળાઓના શિક્ષણ સ્તર વિશે અવારનવાર અખબારોમાં નકારાત્મક બાબતો છપાય છે. પરંતુ જો કોઈ વ્યક્તિ બાળકોના હિતમાં સતત પ્રયત્નો કરે તો સરકારી શાળાઓનું શિક્ષણ સ્તર સતત સુધરી શકે છે અને તેઓ ખાનગી શાળાઓની હરોળમાં આપી શકે છે. સેકટર-૨૮/૧ શાળાના યુવા આચાર્ય પ્રકાશભાઈ પટેલ પોતાની શાળાનું શિક્ષણનું સ્તર સુધારવા સતત પ્રયત્નશીલ છે. તેઓ દરેક બાળકનું અંગત ધ્યાન રાખે છે. તેમણે એવું હકારાત્મક વાતાવરણ શાળામાં પેદા કર્યું છે જેનાથી બાળકો ઓછામાં ઓછા ગેરહાજર રહી સઘન શિક્ષણ મેળવી રહ્યા છે.

નિવૃત્ત શિક્ષક ગીજુભાઈ દવેએ તેમની પૌત્રીને ખાનગી શાળામાંથી ઉઠાડી સે. ૨૮/૧માં દાખલ કરાવી

ગાંધીનગર, તા. ૪

સરકારી શાળાનું શિક્ષણ વગોવાઈ રહ્યું છે ત્યારે રણમાં મીઠી વીરડી જેવો દાખલો નિવૃત્ત શિક્ષક ગીજુભાઈ દવેએ બેસાડ્યો છે. સેક્ટર-૨૮/૧ શાળાનું શિક્ષણનું સ્તર સતત સુધરી રહ્યું છે. આચાર્ય પ્રકાશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણની સાથોસાથ ઈતરપ્રવૃત્તિઓ વધતા ગીજુભાઈએ પોતાની પૌત્રી અનમોલ દવેને આ શાળામાં દાખલ કરવાનો નિર્ણય લીધો. ગયા વર્ષે જ તેમણે પોતાની પૌત્રીને ખાનગી શાળામાંથી ઉઠાવી આ સરકારી શાળામાં દાખલ કરાવી છે. હમણાં જ ધો. ૨માં આવેલી અનમોલ ઘરની નજીક સ્થિત આ શાળામાં અભ્યાસ કરીને ખુબ ખુશ છે.

ધો. ૮નું ગણિત-વિજ્ઞાન ભણાવવા ભૂતપૂર્વ વિદ્યાર્થિની આવે છે

ગાંધીનગર, તા. ૪

સેક્ટર-૨૮/૧ શાળાના આચાર્યપ્રકાશભાઈ પટેલે ધો. ૮ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનના અભ્યાસમાં તકલીફ ન પડે તે માટે શાળાની જ ભૂતપૂર્વ જરૂરીયાતમંદ વિદ્યાર્થિનીને રોકી છે. આ વર્ષથી ધો. ૮ પ્રાથમિક વિભાગમાં સામેલ થયુ છે. ધો. ૮ના વિષય શિક્ષકોની ભરતી પ્રક્રિયા હજુ ચાલુ હોઈ વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન જેવા અઘરા વિષયોમાં તકલીફ ન પડે તે માટે આ શાળાની જ ભૂતપૂર્વ વિદ્યાર્થિનો સંપર્ક કર્યો છે. ઉચ્ચ અભ્યાસ મેળવેલ આ વિદ્યાર્થિની જરૂરીયાતમંદ છે. તે ધો. ૮ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન ભણાવે છે. તે માટે તેને શાળાઓ અને દાતાઓ દ્વારા રોકડ પુરસ્કાર પણ અપાય છે. ગણિત-વિજ્ઞાન ભણાવી શકે તેવા બે-ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્કપ્રકાશભાઈ પટેલ કરી રહ્યા છે.

આજે સમગ્ર દેશ શિક્ષણ દિનની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાના સ્તરને સુધારવા માટે સતત પ્રયત્નશીલ સેકટર-૨૮/૧ શાળાના આચાર્ય પ્રકાશભાઈ પટેલની કામગીરીની નોંધ ન લઈએ તો સરસ્વતીનું અપમાન કર્યું ગણાશે. છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

‘જ’ માર્ગ પર એલ.ઈ.ડી. લાઈટનો પ્રકાશ પથરાશે

સચિવાલયમાં પ્રયોગ સફળ થયા બાદ ‘જ’ માર્ગ પર કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૪

‘જ’ માર્ગ પર હવે એલ.ઈ.ડી. લાઈટનો પ્રકાશ પથરાશે. સરકીટ હાઉસથી ઈન્દ્રોડા સુધીના માર્ગ પર એલ.ઈ.ડી. લાઈટ લગાવવા માટે અંદાજિત રૂ. ૩૨ લાખનો ખર્ચ થશે.

શહેરમાં સ્થિત હજારો સ્ટ્રીટલાઈટના પોલ્સના લીધે તંત્ર એ તોતિંગ વીજ બીલનું ચુકવણું કરવું પડે છે. અભ્યાસના અંતે એલ.ઈ.ડી. લાઈટ નું પરિણામ સારું મળતું હોવાનું ધ્યાને આવતા નગરના ‘જ’ માર્ગ પર એલ.ઈ.ડી. લાઈટ લગાવવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ આ પ્રયોગનો અમલ કરતી વેળાએ તાપમાન ન જળવાતું હોવાથી એલ.ઈ.ડી. લાઈટની યોજના સફળ થઈ ન હતી. પરંતુ અભ્યાસના અંતે તેની ડિઝાઈન અને મટીરીયલ્સમાં ફેરફાર કરી તંત્ર દ્વારા સચિવાલયમાં એલ.ઈ.ડી. લાઈટ લગાવવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર જૂના સચિવાલયમાં લગાવાયેલી એલ.ઈ.ડી. લાઈટનું પરિણામ સારું મળતા હવે ‘જ’ માર્ગ ઉપર પણ આ પ્રકારની લાઈટ લગાવવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ રૂ. ૩૨ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

છેલ્લા ૨૪ કલાકમાં દોઢ ઈંચ વરસાદ : મોસમનો ૪૩૮ મી.મી.

વરસાદના ઝાપટા બાદ પણ નગરજનો બફારાથી બેચેન

ગાંધીનગર, તા.૪

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૦ મી.મી. વરસાદ પડયો છે. ગઈ કાલે સાંજે આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો મન મૂકીને વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જયારે મોડી રાત્રે પણ વરસાદનું ઝાપટું પડયું હતું. આજે પણ દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. જિલ્લામાં સિઝનનો ૪૩૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

વાતાવરણમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પ્રવર્તતા અસહ્ય ઉકળાટના અંતે ગઈકાલે સાંજે મેઘરાજા મહેરબાન થતા મોસમનો નઝારો બદલાઈ ગયો હતો. આકરા ઉકળાટ અને બફારાથી પરસેવે નીતરતા નગરજનોએ ધોધમાર વરસતા વરસાદમાં ભીંજાવાની મજા લીધી હતી પરંતુ આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો અડધો કલાક વરસીને વિખેરાઈ જતા માત્ર પોણો ઈંચ પાણી જ ટપકયું હતું. ત્યારબાદ મોડી રાત્રે પણ ધોધમાર ઝાપટું થતા ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાયું હતું. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે અત્યાર સુધી સીઝનનો કુલ વરસાદ ૪૩૮ મી.મી. હોવાનું ધ્યાને આવ્યું છે. આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ બાફ અનુભવ્યો હતો. આગામી કલાકોમાં ભારે વરસાદ થવાની સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

સે-૨૪, ૨૫, ૨૬, ૨૭માં પાણીના મામલે ક્કળાટ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સે-૨૪, ૨૫, ૨૬, ૨૭માં આજે સાંજે અપાતા પાણી પુરવઠામાં પુરા ફોર્સથી પાણીનો પુરવઠો ન મળતાં આ સેકટરોના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા.

મળતી વિગતો પ્રમાણે આ સેકટરોમાં ઓછા ફોર્સથી પાણી વિતરણ કરાતાં લોકોમાં ભારે દોડધામ મચી જવા પામી હતી.

છેલ્લા પંદર દિવસથી આ સેકટરોમાં પાણીની સમસ્યા વધુ ને વધુ ગંભીર સ્વરૂપ લઈ રહી છે. આ સેકટરોમાં વસ્તીનું ભારણ પણ વધુ છે તેમજ અહિં પાણીના કનેકશનોનું પ્રમાણ પણ વધુ હોવાથી તંત્રની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે.

ખોવાયેલ છે

કેમેરાનું મેમરી કાર્ડ ખોવાયેલ છે. જે કોઈને મળે તેમણે નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી.

ફોન : ૨૩૨ ૩૨૧૧૯

ઓમ શાન્તિ/બેસણું

મારા ધર્મપત્ની **સુશિલાબેન રમણભાઈ શર્મા**નું તા. ૩૧-૮-૨૦૧૨ ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૬-૯-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સેક્ટર-૨સી, પ્લોટ નં. ૯૩૦/૨, ઘ-૨ સર્કલ પાસે, ગણેશ ચોક, ગાંધીનગર. ટે. નં. : ૨૩૨૩૪૮૭૯ ● મો. : ૯૮૨૪૦૨૫૦૭૨

લિ.
રમણભાઈ ગિરધરભાઈ શર્મા
(આર. જી. શર્મા - નિવૃત્ત હેડક્લાર્ક, કા.ઈ.સિ.યો. વિ.નં.૩, ગાંધીનગર)
સંદિપભાઈ રમણભાઈ શર્મા (પુત્ર)
વર્ષાબેન સંદિપભાઈ શર્મા (પુત્રવધુ)

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સ્વ. અશોકભાઈ બાલકૃષ્ણ દવે
જન્મ તા. ૧૧-૭-૧૯૫૮, સ્વ. તા. ૫-૯-૨૦૧૧
કર્મ : રેઈનબો પેઈન્ટસ, કે-૧/૮૦૨/૨૬, જુબલીડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર.
રહેઠાણ : પ્લોટ નં. ૧૪૭/૧, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર

જીવન એવું જીવી ગયા કે યાદ રહી જાય,
બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી તેવું નિર્મળ,
નીડર અને પરોપકારી જીવન જીવી તમે જ્યોતિર્મય બની ગયા
તે હજી પણ ભુલાતું નથી. તમારી યાદ કાળજું કંપાવી જાય છે.
આંસુ બની વહે છે. એવા તમને અમારી શ્રદ્ધાંજલિ.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
(મિત્ર વર્તુળ)
શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ) — શ્રી અશ્વિનભાઈ વશિષ્ઠ-રાજકોટ
શ્રી નાથાભાઈ ચૌધરી (મેટ્રો) — શ્રી ખંડાભાઈ ચૌધરી (મેટ્રો)
શ્રી સમીરભાઈ પટેલ (યશનંદન) — શ્રી લવજીભાઈ ચૌધરી (મેટ્રો)
શ્રી હેમેશભાઈ પટેલ (યશનંદન) — શ્રી આઈ. સી. પંડ્યા, સેક્ટર-૨૧
શ્રી સુભાષભાઈ પટેલ (ઉમા) — શ્રી જશુભાઈ ચૌધરી (મેટ્રો)
શ્રી મીનેશભાઈ પટેલ, સેક્ટર-૨૬ — શ્રી સંજયભાઈ પટેલ, સેક્ટર-૨૬
શ્રી કાનાભાઈ ડી. ચૌધરી (પામ્રોલ) — શ્રી વાલાભાઈ ખોખાભાઈ પટેલ, સે. ૨૬
શ્રી શકેશભાઈ પટેલ, સેક્ટર-૨૬

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સ્વ. અશોકભાઈ બાલકૃષ્ણ દવે
જન્મ તા. ૧૧-૭-૧૯૫૮, સ્વ. તા. ૫-૯-૨૦૧૧
કર્મ : રેઈનબો પેઈન્ટસ, મારૂતિ કલર્સ, કે-૧/૮૦૨/૨૬, જુબલીડીસી, સેક્ટર-૨૮, ગાંધીનગર.
રહેઠાણ : પ્લોટ નં. ૧૪૭/૧, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર

જીવન સદા એવું જીવ્યા કે જીવનારા જોયા કરે
કર્મ સદા એવાં કર્યાં કે હૃદયમાં સીના ગુંજયા કરે
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહીં.
જીવનભર મહેનત કરી જીવનપથના કાંટા સહન કરી
સૌ માટે ફૂલો પાથર્યા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
તેવી પ્રાર્થના કરી અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ...સહ પરિવાર

લિ.
દવે ખાનકૃષ્ણ પ્રેમશંકર પરિવાર
ઉંજરસાડ (હાલ ગાંધીનગર)
હિમેષભાઈ બી. દવે (ભાઈ) — જીગર અશોકભાઈ દવે (પુત્ર)
નીતિનભાઈ બી. દવે (ભાઈ) — નીરવ અશોકભાઈ દવે (પુત્ર)

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી

FAIR MATE — VIRAT TMT BARS — UTKARSH

સાચ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી પેશ્વી ટ્રેડર્સ
સ્ટોર-૬, ઝીરો માર્ગ, ભાજપા કાર્યાલય, સેક્ટર-૬, ગાંધીનગર
101-23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT — KISAN — vaultex 500 TMT BARS - ISI — SANGHI STEEL - ISI — BENELAVE — FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com